તંત્રીશ્રીની કલમે

સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટી વીજળી આંદોલન કરશે

આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી કે આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં વીજળી આંદોલન કરશે. મોંઘી વીજળી સામે છછ સમગ્ર ગુજરાતમાં આંદોલન કરશે. ૧૫ જૂનથી ઝુંબેશ શરૂ થશે. તમામ પક્ષના નેતાઓ આંદોલનમાં જોડાશે. આગોવાનો વિવિધ નગરપાલિકાઓમાં જશે. આપ સમગ્ર ગુજરાતમાં મોંઘા વીજળીના બીલ બાળી વિરોધ પ્રદર્શન કરશે. ૧૫ જૂનથી વિજળી આંદોલન શરૂ થશે. જેમાં તમામ જિલ્લાનાં મુખ્ય મથકોએ પાર્ટીનાં આગેવાને મિડીયા બ્રિફિંગ કરીને કલેક્ટરને એક આવેદન પત્ર આપવા જશે અને રજૂઆત કરશે કે ગુજરાતમાં પણ જનતાને ફ્રી વિજળી મળવી જોઈએ. જે રીતે ભાજપે વિજળી કંપનીઓ સાથે સાંઠગાંઠ કરીને, ચૂંટણી ફંડના ખેલ ખેલીને લોકોને સૌથી મોંઘી વિજળી આપવાનું કામ કર્યું છે. તેના પર રોક લગાવવા માટે આમ આદમી પાર્ટી આગળ વધી રહી છે. ૧૯ જૂનથી ૨જ જૂન સુધી એક મહાજનસંપર્ક યોજવામાં આવશે. જેમાં અલગ અલગ જિલ્લા અને મહાનગરોમાં આમ આદમી પાર્ટીનાં તમામ પ્રદેશનાં તમામ આગેવાનો જશે.જેમાં રેલી, પદયાત્રા, મસાલયાત્રા વગેરેના માધ્યમથી વિજળીનો મુદ્દો લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરશે. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી એક-એક વ્યક્તિનો અભિપ્રાય લેશે. માંગણીપત્રક ભરશે. આ રીતે ૧૫ જૂનથી વિજળી આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે.

મૂસેવાલની હત્યાના આરોપી બિશ્નોઈ ગેંગના શૂટરની કચ્છમાંથી ધરપકડ કરાઈ

અમદાવાદ, પંજાબ પોલીસે સિદ્ધુ મૂસેવાલાની હત્યાની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી છે અને પકડાયેલા બે દોષિતો સહિત કુલ દસ લોકોની ધરપકડ કરી છે. રૂજ્જમાંથી સંતોષ જાદવની ધરપકડ કરવામાં આવી છે. જો કે અમે આ બાબતને વેરીફાઈ કરાવી રહ્યા છીએ. લોકલ એજન્સી અને પોલીસને આ સમગ્ર બાબતે તપાસ કરવા કહ્યું છે. કચ્છ પશ્ચિમ કે પૂર્વમાંથી ધરપકડ થઈ હોય અને બહારના એજન્સીએ અમને જાણ કરી હોય તેવી માહિતી અમારી સુધી આવી નથી. ઓગસ્ટ ૨૦૨૧માં પૂણે જિલ્લાના એક ગામમાં એક વ્યક્તિની સરાજાહેર હત્યા કરવામાં આવી હતી. પોલીસ અનુસાર એક જ ગેંગ સાથે સંકળાયેલા સંતોષ જાધવ અને ઓમકાર બાંખેલે વચ્ચે અણબનાવ થતાં સંતોષ પોતાનું વર્ચસ્વ જમાવવા માટે ઓમકારની હત્યા કરી હતી. સ્થાનિકો પ્રમાણે સંતોષ જાધવ અને ઓંકાર બાણખેલે એક સમયે એક જ ગેંગમાં કામ કરતા હતા. એ બાદ તેમની વચ્ચે મતભેદ થયા અને દુશ્મનીનાં બીજ રોપાયાં હતા. ૩૧ જુલાઈ ૨૦૨૧ના દિવસે સંતોષ જાધવે સ્ટેટસ મૂક્યું હતું કે, 'સૂર્ય ઊગે એ પહેલાં તને પતાવી દઈશ'. જવાબમાં ઓંકારે સ્ટેટસ મૂક્યું હતું કે, 'મળીશ ત્યાં મારી નાખીશ.' ત્યાર બાદ ૧ ઓગસ્ટે ગામમાં જ ઓંકારની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. સંતોષ જાધવનાં લગ્ન થઈ ગયાં છે અને તેને દીકરી પણ છે. જોકે, સંતોષનાં માતાના જણાવ્યા અનુસાર પરિવારનો મોટો પુત્ર હોવા છતાં એ પરિવારની જવાબદારી નથી ઉઠાવતો. બાંખેલે કેસમાં કુલ નવ આરોપીઓ સામેલ હતા. જે પૈકી સાતની તે સમયે જ ધરપકડ કરવામાં આવી હતી. જોકે, હત્યાનો મુખ્ય આરોપી સંતોષ જાધવ પોલીસની પકડથી દૂર હતો. આશરે ૧૦ મહિના બાદ છ જૂન ૨૦૨૨ના રોજ સંતોષ જાધવનું નામ ફરી એક વખત ચર્ચામાં આવ્યું હતું. આ વખતે તેનું નામ સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં ચર્ચામાં હતું. તપાસ ટીમનું માનવું છે કે સંતોષ જાધવ મૂસેવાલાની હત્યામાં શાર્પશૂટર હતો. સંતોષ જાધવનું પરિવાર પૂણે જિલ્લાના અંબેગાંઓ તાલુકામાં આવેલા પોખરી ગામમાં રહેતો. ૧૦ વર્ષ પહેલાં સંતોષના પિતાના મૃત્યુ બાદ તેમનાં માતા સીતા જાધવ માંચર ગામે રહેવા આવી ગયાં હતાં. જીવનના શરૂઆતના તબક્કાથી જ સંતોષ ગુનાખોરીમાં જોડાઈ ગયો હતો. ૨૦૧૭માં તેનું નામ પોલીસ ચોપડે ચઢી ગયું હતું. ૨૦૧૭માં માંચર પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિને માર મારવા બદલ તેની સામે ગુનો નોંધાયો હતો. ત્યાર બાદ ૨૦૧૯માં માંચર પોલીસમથકે પોક્સો એક્ટ અંતર્ગત તની સામે ગુનો નોંધાયો હતો.પંજાબી ગાયક અને કોંગ્રેસના તાજા સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસમાં સંડોવાયેલા બિશ્નોઈ ગેંગના શૂટર સંતોષ જાદવની ગુજરાતથી મહારાષ્ટ્રની પૂણે પોલીસે ધરપકડ કરી હોવાને પગલે ગુજરાત પોલીસને જાણ ન કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. કચ્છ જિલ્લામાંથી પૂણે પોલીસ ધરપકડ કરી હોવાની વાત સામે આવી છે.

ટેક હોમ રાશન; ગુજરાતમાં બાળકો અને સગર્ભા માતાઓને ઘર બેઠા પોષણનો માર્ગ બન્યો વધુ મોકળો

ફૂડ ડિલિવરી એપના જમાનામાં જ્યારે આપડે મનગમતું ભોજન ઘરે મંગાવીએ છીએ ત્યારે વિચાર આવે કે એવા બાળકો અને સગર્ભા બહેનોનું શું જે મનગમતા પૌષ્ટિક ભોજનની હોમ ડિલિવરીથી કોસો દૂર છે? ખાસ કરીને એવી માતા અને બાળકો જેમને પોષણની ખૂબ જરૂર છે અને એટલા માટે જ કુપોષણ સામે લડવા, ભારત સરકાર દ્વારા જ્ઞક્ષ-ૂરી જ્ઞૅદ્રીદ્વીહ્લક્રિબ ટ્રૌંહ ખ્રિદ્રિદ્ધ હેઠળ બાળ વિકાસ સેવાઓ ("હીખ્રદ્રિીદ્ધ ઝરૈક્ષ્ર ક્ષ્રીદ્વીદ્ધૈદ્રીહ જીજરીદ્વીઁ-ઝ્રજ્ઞ) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જે અંતર્ગત પૌષ્ટિક ભોજન ઘરે બેઠા ઉપલબ્ધ કરાવતી ટેક હોમ રાશન સ્કીમનો લાભ લાખો જરૂરિયાતમંદ લાભાર્થીઓ લઈ રહ્યા છે.

આ કાર્યક્રમ સગર્ભા બહેનોને જીવનના પ્રથમ ૧,૦૦૦ દિવસો માટે વિવિધ પોષણ અને આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે. આ સમયગાળો કુપોષણ સાથે સંકળાયેલા લાંબા ગાળાના દુષ્પરિણામોને રોકવા માટે મહત્વપૂર્ણ છે, ખાસ કરીને સગર્ભાવસ્થા દરમિયાન અને જ્યારે શિશુઓ સ્તનપાન છોડી દે ત્યારે પણ. ટેક હોમ રાશનનો લક્ષ્યાંક નિયમિત સ્કૂલે આવતા ૩ થી૬ વર્ષનાં બાળકોને ગરમ રાંધેલું, પૌષ્ટિક, સ્વાદિષ્ટ ભોજન આપવાનું અને સ્તનપાન કરાવતી માતાઓ માટે પોષણયુક્ત આહાર આપવો એ છે. આ ખોરાક માતાને ઘરે લઈ જવા અને ઉપયોગ કરવા માટે મહિનામાં એકવાર વિતરણ કરવામાં આવે છે અને તેથી જ "ટેક-હોમ રાશન" નામ અપાયું છે.

કોરોના જેવી મહામારી તેની સાથે ઘણીવાર નવીન ફેરફારોની તકો લાવે છે. રોગચાળા સાથે, ટેક હોમ રાશનને નવા લેન્સથી જોવાની અને ખાલી પેટ ભરવાથી આગળ વિચારવાની તક મળી છે. આ વિચારને ખાદ્ય સુરક્ષામાંથી પોષણ સુરક્ષા તરફ બદલવાનો સમય મળ્યો છે. આ પ્રકારના રોગચાળાના દરમિયાન, સ્થાનિક રીતે ઉત્પાદિત તાજો ખોરાક ઉપલબ્ધ ન થવાથી લાખો લોકો કુપોષણનો ભોગ બને છે. ટેક હોમ રાશન, આ પોષણ તફાવતને સંભોષવાનો સેતુ બની રહ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટની વાત કરીએ તો ગત વર્ષની સરખામણીએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી મનીષાબેન વકીલના સતત માર્ગદર્શન હેઠળ મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાઓ માટે કુલ રૂ. ૪,૯૭૬ કરોડ એટલે ૪૨ ટકાની માતબર વધારો કર્યો છે.

ગુજરાત સરકાર સગર્ભા માતાઓને પોષક તત્વોથી ભરપૂર ભોજન અને નવજાત શિશુને ગુણવત્તાયુક્ત પ્રોટીન મળે તે સુનિશ્ચિત કરવા માગે છે, માટે જ બાળક અને સગર્ભા માતાના વર્તમાન આહારમાં શું ખૂટે છે તે શોધીને તેમાં પોષક તત્વોનો ઉમેરો કરી રહી છે. વર્ષે ૨૦૨૨-૨૩ બજેટમાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરુ પાડવા રૂ.૧,૦૫૯ કરોડની માતબર જોગવાઈ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. જીવનચક્રના દરેક તબક્કે મહિલાઓના આરોગ્ય તેમજ પોષણની કાળજી તંદુરસ્ત ભાવિ પેઢી માટે જરૂરી છે.

મહિલાની સગર્ભાવસ્થાથી બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીનો સમય સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વર્ણિમ સમય ગણાય છે. જેથી કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમજ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ માઈક્રો-ન્યુટ્રીએન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતા પાંચ વર્ષમાં રૂ. ૪ હજાર કરોડના ખર્ચે અમલી થનાર 'સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના' દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવામાં આવશે.આમ ટેક હોમ રાશન યોજના તેના લક્ષ્ય અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તે માટે પૂરતા બજેટની ફાળવણી કરવામાં આવી છે. તે વ્યૂહાત્મક ફેરફારો સાથે, તે ભારતના સૌથી વધુ જરૂરિયાતમંદ નાગરિકો માટે પોષણ સુરક્ષા પ્રાપ્ત કરવામાં મદદ કરી રહ્યું છે.

અફઘાન મીડિયાનો દાવો છે કે, અફઘાનિસ્તાનમાં ભારત તરફથી જતી મદદને પાકિસ્તાન ચોરી કરી રહ્યું છે

અફઘાનિસ્તાન, પાકિસ્તાન ભારતથી અફઘાનિસ્તાનમાં મોકલવામાં આવતી મદદને ગાયબ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અફઘાનિસ્તાન મીડિયા અનુસાર, એકવાર તેઓ અફઘાનિસ્તાન પહોંચ્યા પછી, ઘઉંથી ભરેલી ટ્રકોને ગેરકાયદેસર રીતે પાકિસ્તાન પરત મોકલવામાં આવે છે. ભારત સરકાર પણ આ ચોરીથી વાકેફ છે. ગયા મહિને ૩૧ મેના રોજ, તાલિબાન સુરક્ષા અધિકારીઓએ હેલમંડ પ્રાંતમાં ગેરકાયદેસર રીતે સરહદ પાર કરીને પાકિસ્તાન જઈ રહેલા ઘઉંના ૫૦ ટ્રકોને રોકયા હતા. તાલિબાનના માહિતી અને સંસ્કૃતિ નિર્દેશક હાફિઝ રશીદ હેલમંદીએ જણાવ્યું હતું કે અગાઉ ૩૦ મેના રોજ દેશત-કંદહાર હાઈવે પર ઘઉં લઈ જતી અન્ય ટ્રકો પણ પકડાઈ ગઈ. ઉલ્લેખનીય છે કે ભારતે ગયા અઠવાડિયે અફઘાનિસ્તાનમાં મોકલવામાં આવતી માનવતાવાદી સહાય પર દેખરેખ રાખવા અને વિતરણ પ્રક્રિયાની દેખરેખ માટે અધિકારીઓની એક ટીમ કાબુલ મોકલી હતી.

તેણે નવી દિલ્હીથી મોકલવામાં આવેલી સહાય અંગે તાલિબાન અધિકારીઓ સાથે પણ વાતચીત કરી હતી. તાલિબાન સત્તામાં આવ્યા બાદ આ પ્રકારની પ્રથમ મુલાકાત હતી. અફઘાન સમાજના તમામ વર્ગો દ્વારા ભારતના વિકાસ અને માનવતાવાદી સહાયનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારત પાસે પણ પાકિસ્તાની લૂંટના સમાચાર છે. તેથી જ આ ટીમને તાલિબાન સાથે વાતચીત કરવા મોકલવામાં આવી હતી. ભારતે પાકિસ્તાનને બદલે ઈરાનના ચાબહાર પોર્ટ દ્વારા મદદ મોકલવા માટે તાલિબાનની સંમતિ માંગી છે. ભારત ઈરાનના ચાબહાર દરિયાઈ માર્ગે મુંબઈ, કંડલા અથવા પશ્ચિમ કિનારે મુંદ્રા બંદરથી સહાય પહોંચાડવા માંગે છે. આ પછી, અહીંથી તે જમીન માર્ગે હેરાત પહોંચી શકે છે. આનાથી પંજાબ બોર્ડર પર વેડકાતા સમયની પણ બચત થશે, જ્યાં ભારતીય ટ્રકો ખાલી થવાની રાહ જોઈને લાંબી કતારોમાં ઊભા છે. અહેવાલો અનુસાર તાલિબાન પણ માર્ગ બદલવા માટે સંમત થયા છે. ભારતે જાહેરાત કરી હતી કે તે પાકિસ્તાનના રસ્તે અફઘાનિસ્તાનમાં ૫૦,૦૦૦ મેટ્રિક ટન ઘઉં મોકલશે. ભારતથી પહેલું કન્સાઈનમેન્ટ ૨૬ ફેબ્રુઆરીએ પાકિસ્તાન થઈને અફઘાનિસ્તાન પહોંચ્યું હતું. આ પછી, બીજો કાફલો ૩ માર્ચે રવાના થયો. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય માટે ઘઉં અને દવાઓના પરિવહનને મંજૂરી આપી હતી. માનવતાવાદી સહાય માટે પરિવહન માટેની અંતિમ તારીખ માર્ચ ૨૧ ના ??રોજ સમાપ્ત થઈ. ત્યાં સુધીમાં ભારતે ચોથું કન્સાઈનમેન્ટ અફઘાનિસ્તાન મોકલી દીધું હતું.

વસ્ત્રાપુર ખાતેથી ૨૫ દારૂની બોટલ સાથે ૩ ઈસ્મો ઝડપાયા

અમદાવાદ, અમદાવાદમાં વસ્ત્રાપુર પોલીસ દ્વારા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. જેઓ કથિત રીતે ઓટોરિક્ષાની ડ્રાઈવર સીટ નીચે છુપાયેલા પોલાણમાં દારૂ સંતાડીને તેનો સપ્લાય કરી રહ્યા હતા. પોલીસને ગાડીમાંથી ભારતમાં બનાવેલી વિદેશી દારૂની ૨૫ બોટલો મળી આવી હતી. વસ્ત્રાપુરમાં પકડાયેલા આ ત્રણ વ્યક્તિઓની ઓળખ પોલીસ દ્વારા બલદેવ મકવાણા, અંકિત પરમાર અને કેવલ ચૌહાણ તરીકે આપવામાં આવી છે. આ ઘટનાની વિગતો આપતા ડિપાર્ટમેન્ટના કમ્પ્લેન હેડ કોન્સ્ટેબલ અને સ્ટેટ મોનીટરીંગ સેલ માટે કામ કરતા રમેશ મંગેલ દ્વારા જણાવાયું હતું કે, તેમને સિધુ ભવન રોડ બાયલેનમાં એક શંકાસ્પદ રિક્ષા અંગે સુચના મળી, જેના કારણે આ આશંકા થઈ. આ બાદમાં અને શંકાના આધારે પોલીસે વધુ તપાસ આગળ ધપાવી અને તપાસ દરમિયાન પોલીસને ડ્રાઈવરની સીટની નીચે એક લોક કરેલું બોક્સ મળી આવતું હતું. આ બોક્સની તપાસ કરવા પોલીસે જ્યારે બોક્સનું લોક ખોલીને જોયું તો તેમાં ઈન્ડિયન મેડ કોરેન લીકર (આઈએમએફએલ) એટલે કે ભારતમાં બનેલી વિદેશી દારૂની ૨૫ બોટલો મળી આવી હતી.

કણજી ગામમાં પહેલા વરસાદમાં જ ૮ વર્ષની બાળકી તણાઈ ગઈ

નર્મદા, જિલ્લામાં કણજી ગામ પાસે આવેલી દેવનદીમાં પ્રથમ વરસાદે જ કોઝવે પરથી બે વર્ષની બાળકી તણાઈ છે. કણજી ગામ પાસે દેવનદીના કોઝવે નાળા પરથી રાત્રે લગભગ આઠેક વાગ્યાના સુમારે માતા દીકરી પસાર થતા હતા, ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદથી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતા પુત્રી મમતાબેન વસાવા ઉમર વર્ષ ૮ નદીના ભારે પ્રવાહમાં તણાઈ ગઈ હતી. ત્યાર બાદ ગ્રામજનો અને તંત્ર દ્વારા શોધખોળ કરવામાં આવી હતી,પરંતુ હજુ સુધી બાળકીનો કોઈ પતો લાગ્યો નથી. પોતાની આંખો સામે જ લ્હાલસોયી દિકરી પાણીના ભારે પ્રવાહમાં તણાઈ જતાં માતા-પિતા ઉપર આભ તુટી પડ્યું છે.

આ બનાવની જાણ થતાં ડેડીયાપાડા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યાં બાળકીના પરિજનોને સાંત્વના આપી હતી અને બાળકીને નદીમાંથી શોધી કાઢવાની કવાયદ હાથ ધરી હતી. કણજી ગામ પાસે આવેલી દેવનદીમાં પ્રથમ વરસાદે જ કોઝવે પરથી ૮ વર્ષની બાળકી તણાઈ છે. દેવનદીના કોઝવે નાળા પરથી મોટા દીકરી પસાર થતા હતા, ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદથી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતા બનાવ બન્યો.

લોકતંત્રમાં હિંસાનું કોઈ સ્થાન નથી : અનુરાગ ઠાકુર

નવીદિલ્હી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે રવિવારે કહ્યું કે લોકતંત્રમાં હિંસાનું કોઈ સ્થાન નથી. સુચના તથા પ્રસારણ મંત્રી ઠાકુરે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું- લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નથી. લોકતંત્રમાં દરેકને પોતાની વાત રાખવાની તક મળવી જોઈએ અને જ્યારે વાતચીતના માધ્યમથી સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે તો પથ્થરમારો, આગચાંપી અને ઉપદ્રવને કોઈ સ્થાન નથી. કેન્દ્રીય મંત્રી જુમાની નવાઝ બાદ ભડકેલી હિંસા પર બોલી રહ્યાં હતા. તેમણે કહ્યું કે કોઈ નેતા હોય કે સંગઠન, આગમાં ઘી ન નાખવું જોઈએ કારણ કે તેનાથી લોકોની સાથે-સાથે રાજ્યને પણ નુકસાન થાય છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કાયદો વ્યવસ્થા રાજ્યનો વિષય છે અને તેને બનાવી રાખવા પ્રદેશ કક્ક કાર્યવાહી કરવી જોઈએ. અનુરાગ ઠાકુરે સરકારની સિદ્ધિઓ ગણાવતા કહ્યું કે, સૌથી ઝડપી આગળ વધતી અર્થવ્યવસ્થાની સાથે ભારત પણ દુનિયામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કેરી સિંહ બાબુ સ્ટેડિયમમાં એક સ્વચ્છતા કાર્યક્રમમાં ભાગ લીધો અને સફાઈમાં યોગદાન આપ્યું હતું.

રાજકોટના સિલ્વર સેન્ડ એપાર્ટમેન્ટમાં આગ ભભુકી ઉઠી

રાજકોટ, ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ક્યાંક ને ક્યાંક આગના બનાવ જોવા મળે છે ત્યારે રાજકોટ શહેરના હાર્દસમા વિસ્તાર અજાર માર્ગમાં આવેલ સિલ્વર સેન્ડ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે આગ લાગી છતી. આગના ધુમાડા ફ્લેટમાંથી બહાર નીકળતા આડોશ પાડોશના લોકો એ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી ઘટનાસ્થળ પર પહોંચેલા ફાયર ફાયરટ્રો દ્વારા પાણીનો સતત મારો ચલાવવામાં આવ્યો હતો. આ ઘટનામાં પીએપીનિા ભાગમાં આગ લાગતા આગ સમગ્ર ફ્લેટમાં પ્રસરી હતી. જેના કારણે ઘરવખરીને પણ નુકશાન પહોંચ્યું હતું. ફાયર બ્રિગેડદ્વારા દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. મારા ઘરમાં હું અને મારી પત્નિ અમે ૨ લોકો મારો ચલાવવામાં આવ્યો હતો. અમે જયારે તબીબ પાસે પહોંચ્યા ત્યાં અમને ચોકીદાર નો ફોન આવ્યો કે આ ઘરમાં આગ લાગી છે. તેથી અમે લોકો તુંરત અહીં આવ્યા હતા. આડોશી-પાડોશી અને ફાયર બ્રિગેડની મદદથી હાલ આ આગ પર કાબુ મેળવવામાં આવ્યો છે.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટોવર, એચેડી કુલ્લા રોડ, એચેડી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૯૯, ભારત
જાન્ય ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા- ૩૮૪૦૦૨
(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ
સ્થાવર મિલકતની વેચાણ નોટીસ
સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ
આથી ખાસ રહીને કરજદારો અને જમીનદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરોમાંથી કરાયેલ છે જેનો ભૌતિક કબ્જો લિક્વીડેટ કોર્પોરેટ્સ એ લઈ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ કરજદારો અને જમીનદારો પાસે થી આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હયાત લોન એકાઉન્ટ નંબર અને નામ/	કઈ પણ જાણમાં લોન સાથે આરક્ષિત મિલકતની વિગત	બકાયા રકમ	આરક્ષિત ઈમ્પ્રેશન અનેરૂટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(બે)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	હરીસકુમાર એમ પ્રજાપતિ(કરજદાર) અને મોંગીબાઇ પ્રજાપતિ (સહ-કરજદાર) લોન એકાઉન્ટ નં. **NHVISO00000839793**	પ્લોટ નં. એ-૫૬, હાઉસ નં. સી-૨૩, વૃજભૂમિ પેન્ડ્ર યાર રાજના, એટ સોભાસણ તા. કલોલ, જિલ્લો - ગાંધીનગર	રૂ. ૨૨,૦૪,૩૦૫/- (જે ૩૧મી જુન ૨૦૨૨) મુજબ	રૂ. ૧૦,૧૫,૧૫૦/- રૂ. ૧,૦૧૫૧૫/-	૨૮ જૂન, ૨૦૨૨ ૧૧.૦૦ વાગ્યા થી ૦૨.૦૦ વાગ્યા સી ૦૩.૦૦ વાગે બપોરના	૩૦ જુન ૨૦૨૨ ૦૨.૦૦ વાગ્યા થી ૦૩.૦૦ વાગે બપોરના

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL-https://sarfaesi.auctiontiger.net/EPROC) પર હાથ ધરવામાં આવશે.
ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચુકવવી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૨૯મી જુન, ૨૦૨૨ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .સંમવિત - ભિડ(ઓ) અનેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ ના પક્ષમાં રૂપે ૨૫ ટકા સમ્મિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ખાતે, પહેલી માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર બેંક, મહેસાણા હાઈવે , મહેસાણા — ૩૮૪૦૦૨ રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા તે પહેલાં .૨૯મી જુન, ૨૦૨૨ના રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા તે પહેલાં . કૃપયા નોંધ કરો, મા સંભવિત ભિડ(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સમ્મિટ કરવામાં અસમર્થ હોય તો તેની સાથી કરેલી નકલ ઈનર દ્વસનાવેલે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, શક્તિ બિઝનેસ ખાત યુનાઈટેડની ઉપર બેંક, મહેસાણા હાઈવે , મહેસાણા — ૩૮૪૦૦૨ સમ્મિટ કરી શકાય છે.
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ હરાજી ની તારીખેના મહેસાણા ખાતે અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.
કોર્પોરેટ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડની નંબર ૭૦૨૧૦૩૮૯૯ પર સંપર્ક કરવો.
સત્તાવાર અધિકારીને બિનને કોઈ પણ વધુ કરજો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે . માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઈટ https://www.icicihfc.com/ ની મુલાકાત લો.
તારીખ: ૧૫ જૂન, ૨૦૨૨
સ્થળ: ગાંધીનગર
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન
W.118/NIT/E-Tender/2022-23/S/WA તા. 08/06/2022
AFDAS ની જોગવાઈ સાથે સંબંધિત સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગ ઈ-ટેન્ડર આમંત્રણ નોટિસ
ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી) પશ્ચિમ રેલવે ભાવનગર દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત છે: **(1) ટેન્ડર નં. 5-2022 : ભાવનગર ડિવિઝન: બાઉંડરી પોલ્સ (૨૬૩ નંબર) ખાતે ઓટોમેટિક ફાયર ડિટેક્શન અને એલાર્મ સિસ્ટમ (AFDAS) ની જોગવાઈ સાથે સંબંધિત સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગ. (અંદાજિત ખર્ચ ₹ 62,74,490.74/-)** ઓનલાઈન બિડ એટલે કે **www.ireps.gov.in** પર જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ **www.ireps.gov.in** ની વિઝીટ કરવા વિનંતી.
ઓનલાઈન અરજી માટેની છેલ્લી તારીખ 08/07/2022 સાંજે 15:00 કલાક સુધી છે. 17
અમને લાઇક કરો: facebook.com/WesternRly

(પ્લાયવુડ શીટ્સના ટેમ્પ સ્ટોક)ની ઈ-ઓક્શન નોટીસ
ઈ-ઓક્શન સેલ્સ કંપ ધરાવતા ખરીદવારો પહેલી જાણ દીધ થતિસ્ત સાલેજ ના લમ્પ-સમ વધારે જથ્થો છે તેના આધારે લગભગ ૪૦૦ પીસ પ્લાયવુડ/ શીટ્સના નિકાલ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. વિગતે કિંમત છે-એલ્યુડ્ડ આઈએલ એન-એલએમ.લી.લ્યુડ) ઉપરોક્ત લાખ્યોનું નિરીક્ષણ કરવા મેસર્સ કોમન પ્લાય ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ, યાર્ડના વે-બ્રિજ, સરખેજ- બાવલેજ રોડ, વણાસ, ગોદામ નં. ૧, ૨મા એસ્ટેટ, સહોર નિરમાનગુરુ, અમદાવાદ, ગૌના: ૩૮૨૧૦૧ સર્વાલ. ૧૫૦૮૨૬ થી ૧૮૩૮૨૬ સ્વર્ગવાસી સાઈ:- ૮૭૬૬૦ ૨૧૪૬૮ ની પૂર્વ એપ્વાઈન્ટ